# ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના પરિણામ અંગેના - FAQs

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| ૧ | ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહના મારા પરિણામથી મને સંતોષ નથી તો આ માટે મારે શું કરવુ જોઇએ ? | ઉત્તરવહી ગુણ ચકાસણી અથવા વિજ્ઞાન પ્રવાહના મુખ્ય ચાર વિષય રસાયણશાસ્ત્ર, જીવશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્રનું ઉત્તરવહી અવલોકન અને OMR SHEET ની કોપી મેળવીને તમારા સંદેહનું નિરાકરણ કરી શકાય. |
| ૨ | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ઉત્તરવહીની ગુણ ચકાસણી કરાવવા અંગે શું કાર્યવાહી કરવાની થાય? | તા.૨૬/૦૫/૨૦૨૦ થી તા.૦૮/૦૬/૨૦૨૦ દરમિયાન www.gseb.org અને sci.gseb.org ઉપર ઓનલાઇન અરજી કરવાની રહેશે. તે માટેની ફી, અન્ય વિગતો અને સૂચનાઓ વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે જે ધ્યાને લેવી. |
| ૩ | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ઉત્તરવહી અવલોકન કરાવવા અંગે શું કાર્યવાહી કરવાની થાય ? | તા.૨૬/૦૫/૨૦૨૦ થી તા.૦૮/૦૬/૨૦૨૦ દરમિયાન www.gseb.org અને sci.gseb.org ઉપર ઓનલાઇન અરજી કરવાની રહેશે. તે માટેની ફી, અન્ય વિગતો અને સૂચનાઓ વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે જે ધ્યાને લેવી. |
| ૪ | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે PART-A ની OMR SHEET ની કોપી મેળવવા અંગે શુ કાર્યવાહી કરવાની થાય ? | તા.૨૬/૦૫/૨૦૨૦ થી તા.૦૮/૦૬/૨૦૨૦ દરમિયાન www.gseb.org અને sci.gseb.org ઉપર ઓનલાઇન અરજી કરવાની રહેશે. તે માટેની ફી, અન્ય વિગતો અને સૂચનાઓ વેબસાઇટ ઉપર મૂકવામાં આવેલ છે જે ધ્યાને લેવી. |
| ૫ | ઉત્તરવહી ગુણ ચકાસણી, ઉત્તરવહી અવલોકન અને OMR SHEET ની નિયત ફી કેટલી છે? | ગુણ ચકાસણી માટે ઉત્તરવહી દીઠ રૂ.૧૦૦/- ફી રહેશે<br>અવલોકન માટે ઉત્તરવહી દીઠ રૂ.૩૦૦/- ફી રહેશે.(ફક્ત PART-B) |

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| | | OMR SHEET મુખ્ય ચાર વિષયની PART-A ની કોપી મેળવવા માટે વિષયદીઠ રૂ.૧૦૦/- ફી રહેશે.( રસાયણશાસ્ત્ર, જીવશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર એમ મુખ્ય વિષયોના PART-A) |
| ૬ | ઉત્તરવહીની ગુણ ચકાસણી, ઉત્તરવહીનું અવલોકન તેમજ PART-A ની OMR SHEET ની કોપી મેળવવાની અરજી કરવા માટેની નિયત ફી કેવી રીતે ભરવાની વ્યવસ્થા છે ? | અરજી કરવાના Online Software માંથી જ SBI E-Pay System મારફતે "Pay Now" Buttonપર click કરીને નીચેના કોઇપણ માધ્યમ દ્વારા ભરી શકાશે.<br>૧) DEBIT CARD / CREDIT CARD<br>૨) NET BANKING<br>3) Software માંથી નીકળેલા ચલણની Print લઇને SBI ની કોઇપણ Branch માં રૂબરૂ જઇને ફી ભરી શકાશે |
| ૭ | ઉત્તરવહીની ગુણ ચકાસણી અને ઉત્તરવહીના અવલોકન માં શુ તફાવત છે. ? | • બોર્ડ દ્વારા ઉત્તરવહીની ગુણ ચકાસણી અને અવલોકન માટેની મળેલ તમામ અરજીઓના આધારે વિષયવાર ઉત્તરવહીઓનું વેરીફીકેશન કરવામાં આવે છે.<br>• જેમાં કોઇ પ્રશ્ન તપાસવાનો બાકી હોય, કોઇ પ્રશ્ન તપાસેલ હોય પરંતુ ગુણ મુકવાના બાકી હોય, ગુણના સરવાળામાં ભૂલ હોય તો તેનું વેરિફીકેશન કરવામાં આવે છે.<br>• જે પ્રશ્નનું મુલ્યાંકન થઇને ગુણ મુકાયેલ હોય તેવા કોઇ પ્રશ્ન પુન: તપાસવામાં આવતા નથી.<br>• ઉપર મુજબની પ્રક્રિયા ઉત્તરવહીની ગુણ ચકાસણી અને અવલોકન બંન્ને માટે જે તે વિષયના શિક્ષકો પાસે કરાવવામાં આવે છે. |

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
| --- | --- | --- |
| | | • જે ઉમેદવારે ગુણ ચકાસણી કરાવેલ હોય તેઓને વેરીફીકેશન બાદ પ્રત્યુત્તર દર્શાવેલ સરનામે મોકલવામાં આવે છે.<br>• જે ઉમેદવારોએ અવલોકન કરાવેલ હોય તેઓને ગુણ ચકારણી થયેલ ઉત્તરવહી બોર્ડ નિયત કરે તે સ્થળે, તારીખે અને સમયે રૂબરૂ બતાવવામાં આવે છે.<br>• રૂબરૂ અવલોકન બાદ ઉમેદવારને જવાબ દર્શાવેલ સરનામે મોકલવામાં આવે છે.<br>• આમ ગુણ ચકાસણી અને અવલોકન માટે સમાન પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.<br>• આમ, અવલોકનમાં ઉત્તરવહી રૂબરૂ જોવા મળે તે સિવાય ગુણ ચકાસણી જેવી જ પ્રક્રિયા થાય છે. |
| ૮ | PART -A ની OMR SHEETના મુલ્યાંકન અંગે અમને કેવી રીતે જવાબ મળશે. | ઉમેદવારની માંગેલ વિષયની તેઓ દ્વારા ભરેલ OMR SHEETની નકલ અને તેઓએ આપેલ જવાબની સામે આન્સર કી નો પ્રત્યુત્તર દર્શાવીને તેઓનો જવાબ સાચો છે કે ખોટો અને પ્રશ્નવાર મેળવેલ ગુણ સાથેનો પ્રત્યુત્તર (રીપોર્ટ) આપવામાં આવે છે. |
| ૯ | ઉમેદવાર પરીક્ષામાં હાજર હતા પરંતુ પરિણામમાં તે વિષયમાં ગેરહાજર દર્શાવીને પરિણામ મળેલ છે. તો આવા કિસ્સામાં શું કરવાનું રહે ? | બોર્ડની વેબસાઇટ ઉપર તેમજ શાળામાં દફતર ચકાસણી માટેનું અરજી પત્રક મોકલાવેલ છે. તેની સાથે જરૂરી આધારો જેવા કે પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાના આધાર તરીકે પ્રવેશિકા (ફી રસીદ)ની પ્રમાણિત નકલ ગુણપત્રકની |

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
| --- | --- | --- |
| | | પ્રમાણિત નકલ સાથે બોર્ડના નીચે દર્શાવેલ ઇ-મેલ આઇ.ડી પર ઇ-મેલ કરીને અરજી કરી શકાશે.<br><br>અરજી કરવા માટેનો સમયગાળો :- તા.૨૬/૦૫/૨૦૨૦ થી તા.૦૮/૦૬/૨૦૨૦ સુધી<br><br>ઇ-મેલ આઇ.ડી:-**gshsebexamscience@gmail.com**<br><br>લોકડાઉનના કારણે ટપાલ વ્યવહાર બંધ હોઇ પુન: ટપાલ વ્યવહાર શરૂ થયે અરજદારે અસલ અરજીપત્રક અને તેની સાથેના આધારો સાથે " શ્રી એ.ડી.ખસતિયા, મદદનીશ સચિવ, ક-શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેકટર-૧૦ બી એસ.બી.આઇ.ની બાજુમાં, ગાંધીનગર. |
| ૧૦ | ઉમેદવાર માર્ચ-૨૦૨૦ની પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ છે અને તેને મેળવેલ પરિણામથી સંતોષ નથી તો આવા ઉમેદવાર માર્ચ-૨૦૨૦નું મેળવેલ પરિણામ જમા કરાવી શકે ? શુ પ્રક્રિયા કરવાની ? | હા, ઉત્તિર્ણ ઉમેદવારોએ મેળવેલ પરિણામ સુધારવા માટે બોર્ડની વેબસાઇટ ઉપર તેમજ શાળામાં પાસ થયેલા ઉમેદવારે મેળવેલ પરિણામ સુધારાણા પુન: ઉપસ્થિત થવા માટેનું અરજીપત્રક સાથે માર્ચ-૨૦૨૧ ની પરીક્ષા માટેની નિયત ફી સિવાય જરૂરી આધારો સાથે બોર્ડના નીચે દર્શાવેલ ઇ-મેલ આઇ.ડી પર ઇ-મેલ કરીને અરજી કરી શકાશે. |

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| | | <u>અરજી કરવા માટેનો સમયગાળો :- તા.૨૬/૦૫/૨૦૨૦ થી તા.૩૦/૦૯/૨૦૨૦ સુધી</u><br><br>ઇ-મેલ આઇ.ડી:-**gshsebexamscience@gmail.com**<br><br>લોકડાઉનના કારણે ટપાલ વ્યવહાર બંધ હોઇ પુન: ટપાલ વ્યવહાર શરૂ થયે અરજદારે અસલ અરજીપત્રક સાથે નિયત ફી નો ડીમાન્ડ ડ્રાફટ અને તેની સાથેના આધારો સાથે " શ્રી એ.ડી.ખસતિયા, મદદનીશ સચિવ, ક-શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેકટર-૧૦ બી એસ.બી.આઇ.ની બાજુમાં, ગાંધીનગર |
| ૧૧ | ઉમેદવાર માર્ચ-૨૦૨૦ની પરીક્ષામાં કૃપા ગુણ મેળવીને (એટલે કે જે તે વિષયમાં ૩૩ ગુણ કરવા માટે વધારાના ગુણ ઉમેરીને પાસ કરેલ હોય) ઉત્તિર્ણ થયેલ હોય. તેઓએ કૃપા ગુણ સ્વીકારવા નથી અને કૃપા ગુણ સિવાયનું નાપાસનું પરિણામ મેળવવું છે. તો મેળવી શકે ? જો "હા" તો શું કરવું પડે ? | હા, ઉત્તિર્ણ ઉમેદવાર ગુણ તૂટ (કૃપા ગુણ) મેળવેલ હોય તેવા ઉમેદવારે "મેળવેલ ગુણ તૂટ ન સ્વીકારવા માટેનું અરજીપત્રક" બોર્ડની વેબસાઇટ પરથી અથવા શાળામાં "મેળવેલ ગુણ તૂટ ન સ્વીકારવા માટેનું અરજીપત્રક" મેળવી અરજીપત્રકની વિગતો ભરી તેની સાથે જરૂરી આધારો સાથે બોર્ડના નીચે દર્શાવેલ ઇ-મેલ આઇ.ડી પર ઇ-મેલ કરીને અરજી કરી શકાશે.<br><br><u>અરજી કરવા માટેનો સમયગાળો :- તા.૨૬/૦૫/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધી</u><br><br>ઇ-મેલ આઇ.ડી:-**gshsebexamscience@gmail.com** |

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| | | લોકડાઉનના કારણે ટપાલ વ્યવહાર બંધ હોઇ પુન: ટપાલ વ્યવહાર શરૂ થયે અરજદારે અસલ અરજીપત્રક અને તેની સાથેના આધારો સાથે " શ્રી એ.ડી.ખસતિયા, મદદનીશ સચિવ, ક-શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેકટર-૧૦ બી એસ.બી.આઇ.ની બાજુમાં, ગાંધીનગર |
| ૧૨ | પરિણામ જાહેર થયેલ છે જેમાં અટક / નામ / પિતાના નામમાં સ્પેલીંગ ભુલ થયેલ છે. મારે સુધારવા માટે શું કાર્યવાહી કરવી ? કયાં સુધીમાં પ્રક્રિયા કરવાની રહે ? | હા, ઉત્તિર્ણ ઉમેદવારના અટક / નામ / પિતાના નામમાં સ્પેલીંગ સુધારવા માટે ઉમેદવારે "ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના પ્રમાણપત્ર / ગુણપત્રકમાં નામ / અટકમાં સુધારો કરવાની અરજીનો નમુનો" બોર્ડની વેબસાઇટ ઉપર તેમજ શાળામાં "ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના પ્રમાણપત્ર / ગુણપત્રકમાં નામ / અટકમાં સુધારો કરવાની અરજીનો નમુનો" સાથે જરૂરી આધારો સાથે બોર્ડના નીચે દર્શાવેલ ઇ-મેલ આઇ.ડી પર ઇ-મેલ કરીને અરજી કરી શકાશે.<br><br>બોર્ડ દ્વારા ગુણપત્રક / પ્રમાણપત્રનું વિતરણ શાળાને જે તારીખે કરવામાં આવે તે તારીખથી ૦૩ માસના ગાળામાં (તા.૩૧/૦૮/૨૦૨૦ સુધી) કોઈ ફી લેવામાં આવશે નહિ અને અરજદારના અસલ ગુણપત્રક / પ્રમાણપત્ર પરત જમા લઈને નવા ગુણપત્રક / પ્રમાણપત્ર આપવામાં આવશે. જો ઉક્ત સમયગાળા બાદ સુધારા માટે અરજી આવશે તો તે માટે રૂપિયા ૫૦/- ફી લેવામાં આવશે અને અરજદારના અસલ ગુણપત્રક / |

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| | | પ્રમાણપત્ર પરત જમા લઈને ડુપ્લીકેટ ગુણપત્રક / પ્રમાણપત્ર આપવામાં આવશે. ઇ-મેલ આઇ.ડી:-**gshsebexamscience@gmail.com**<br><br>લોકડાઉનના કારણે ટપાલ વ્યવહાર બંધ હોઇ પુન: ટપાલ વ્યવહાર શરૂ થયે અરજદારે અસલ અરજીપત્રક અને તેની સાથેના આધારો સાથે “ શ્રી એ.ડી.ખસતિયા, મદદનીશ સચિવ, ક-શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેકટર-૧૦ બી એસ.બી.આઇ.ની બાજુમાં, ગાંધીનગર |
| ૧૩ | શાળાએ ગુણપત્રક પ્રમાણપત્ર કે શાળા છોડયાનું પ્રમાણપત્રનું વિતરણ ક્યારે કરવું ? અને Covid-19ની પરિસ્થિતિમાં કેવી વ્યવસ્થા ગોઠવવી ? | શાળાએ તા.૨૮/૦૫/૨૦૨૦ના રોજ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાને લઇ ૧૦-૧૦ જેટલા વિદ્યાર્થીઓને અડધા અડધા કલાકનો સમયનું અંતર રાખીને ગુણપત્રક પ્રમાણપત્ર કે શાળા છોડયાનું પ્રમાણપત્રનું વિતરણ અંગેનો કાર્યક્રમ નિશ્ચિત કરી વિદ્યાર્થીઓને ટેલીફોન કે અન્ય માધ્યમથી જાણ કરવાની રહેશે.<br><br>શાળામાં આવનાર તમામ સ્ટાફ વિદ્યાર્થી-વાલીઓએ માસ્ક ફરજીયાત પહેરન આવે તેમજ હાથ ધોવાની / સેનેટાઇઝેશનની સુવિધા ઉભી કરવી તેમજ સામાજિક અંતર જળવાય તે ધ્યાને લેવું<br><br>પરિણામ વિતરણ દરમિયાન વિદ્યાર્થીઓ પાસે ગૃપમાં ફોટોગ્રાફ કે રાસગરબા કે કોઇ સામૂહિક પ્રવૃતિ યોજાય નહી તેમજ વિદ્યાર્થીઓ-વિદ્યાર્થીઓ વચ્ચે નિયત કરેલ સામાજિક અંતર જળવાય તેની તકેદારી લેશો. |

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| ૧૪ | ગુણપત્રક / પ્રમાણપત્રક / શાળા છોડયાનું પ્રમાણપત્ર ખોવાઇ ગયેલ છે ડુપ્લીકેટ મેળવવા શું કરવું ? | • શાળા છોડયાનું પ્રમાણપત્ર ડુપ્લીકેટ મેળવવા માટે શાળાનો સંપર્ક કરવો.<br>• ગુણપત્રક પ્રમાણપત્રક ડુપ્લીકેટ મેળવવા માટે www.gsebeservice.com ઉપર જઇને નિયત ફી ભરીને ઓનલાઈન અરજી કરવાની રહેશે. બોર્ડ દ્વારા ટપાલ મારફતે ડુપ્લીકેટ ગુણપત્રક / પ્રમાણપત્રક મોકલી આપવામાં આવશે. |
| ૧૫ | વર્ષ -૨૦૨૦ની પૂરક પરીક્ષા કોણ પરીક્ષા આપી શકે? | પૂરક પરીક્ષામાં નીચે મુજબના વિદ્યાર્થી ઉપસ્થિત કરી શકશે.<br>૧) માર્ચ-૨૦૨૦ની પરીક્ષામાં ઉપસ્થિત થયા બાદ ૧ અથવા ૨ વિષયમાં અનઉત્તિર્ણ રહેલ વિદ્યાર્થી<br>૨) ગુણ તૂટ ક્ષમ્ય કરેલ હોય (ગ્રેસથી પાસ થયેલ હોય) અને વિદ્યાર્થી ગ્રેસ (ગુણ તૂટ) લેવા ન ઇચ્છતા હોય અને ફરીથી ૧ અથવા ૨ વિષયમાં નાપાસ હોવાના કારણે પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા માંગ હોય તેવા વિદ્યાર્થી.<br>૩) **<u>પૂરક પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનું રહેશે.</u>**<br>એક વિષયની પરીક્ષા માટેની ફી – રૂ.૧૮૦/-<br>બે વિષયની પરીક્ષા માટેની વિષય – રૂ.૩૦૦/-<br>પ્રાયોગિક વિષયની વિષયદીઠ પરીક્ષા ફી - રૂ.૧૧૦/-<br>પૂરક પરીક્ષા અંગેની તારીખ નક્કી થયે સમાચાર માધ્યમો દ્વારા પ્રસાર પ્રચાર કરવામાં આવશે. |
| ૧૬ | પૂરક પરીક્ષા માટે આવેદનપત્ર કેવી રીતે ભરવાનું રહેશે ? | પૂરક પરીક્ષા માટે આવેદનપત્ર ઓનલાઈન ભરવાના રહેશે અને તે અંગે બોર્ડ દ્વારા પ્રસાર માધ્યમો દ્વારા જાણ કરવામાં આવશે. |

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| ૧૭ | વિજ્ઞાન પ્રવાહમાં નાપાસ થનાર ઉમેદવાર જો વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ ન કરવો હોય અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં અભ્યાસ કરવો હોય તો કરી શકાય ? તે માટે શું કરવાનું રહે ? | હા, જે શાળામાંથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ નાપાસ થયેલ હોય તે શાળા મારફતે સામાન્ય પ્રવાહના ખાનગી ઉમેદવાર (EXTERNAL STUDENT) તરીકે માર્ચ-૨૦૨૧ની પરીક્ષામાં બેસી શકશે. |
| ૧૮ | દિવ્યાંગ પરીક્ષાર્થીનું પાસ થવાનું ધોરણ શું છે ? | દરેક વિષયમાં ૨૦% ગુણ મેળવેલ હોય તેવા દિવ્યાંગ પરીક્ષાર્થી પાસ જાહેર થાય. |
| ૧૯ | દિવ્યાંગ પરીક્ષાર્થીએ પરીક્ષાના આવેદનપત્ર ભરતી વખતે દિવ્યાંગ અંગેની વિગત દર્શાવેલ ન હોય તો તેવા કિસ્સામાં પરિણામ જાહેરાત બાદ દિવ્યાંગનો લાભ લઇ શકાય ? | હા, દિવ્યાંગ અરજદારે ધોરણ-૧૦નું ગુણપત્રક સીવીલ સર્જનનું દિવ્યાંગ અંગેનું પ્રમાણપત્ર અને શાળાના આચાર્યશ્રીના સહિ સિક્કા સાથેના પત્ર સાથે નીચેના ઇ-મેલ ઉપર મેઈલ કરવાનો રહેશે.<br><br><u>અરજી કરવા માટેનો સમયગાળો :- તા.૨૬/૦૫/૨૦૨૦ થી તા.૧૨/૦૬/૨૦૨૦ સુધી</u><br><br>ઇ.મેલ આઇ.ડી:-**gshsebexamscience@gmail.com**<br><br>લોકડાઉનના કારણે ટપાલ વ્યવહાર બંધ હોઇ પુન: ટપાલ વ્યવહાર શરૂ થયે અરજદારે અસલ અરજીપત્રક અને તેની સાથેના આધારો સાથે “ શ્રી એ.ડી.ખસતિયા, મદદનીશ સચિવ, ક-શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેકટર-૧૦ બી એસ.બી.આઇ.ની બાજુમાં, ગાંધીનગર |

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
| --- | --- | --- |
| ૨૦ | ગુજકેટ-૨૦૨૦ની પરીક્ષા કયારે યોજાવવાની છે ? | તા.૩૦/૦૭/૨૦૨૦ને ગુરૂવારે |
| ૨૧ | ગુજકેટ-૨૦૨૦નું આવેદનપત્ર ભરવાનુ રહી ગયેલ છે તો ભરી શકાય ? | ના |
| ૨૨ | ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ કયારે જાહેર કરવામાં આવશે. ? | પરિણામ તૈયાર કરવાની કામગીરી શરૂ છે પરિણામ જાહેર કરવાની તારીખ સમાચાર પત્રો અને ટી.વી.ના માધ્યમથી જાહેરાત કરવામાં આવશે. |
| ૨૩ | ઉમેદવારને પરિણામ જાહેર થયુ ત્યારે ઓનલાઈન રીઝર્વ તેવો મેસેજ આવે છે તો કયા કારણથી પરિણામ અટકાવેલ છે ? | ઉમેદવાર પરીક્ષાખંડમાં ગેરરીતિ કરતાં પકડાયેલ હોય અથવા પરીક્ષાખંડના CC TV માં ગેરરીતિ કરતા હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ ધ્યાને આવેલ હોય તેથી પરિણામ અટકાવેલ છે. આ અંગે બોર્ડ દ્વારા ઉમેદવારોની સુનાવણી રાખીને નિર્ણય કરવામાં આવશે તેની જાણ ઉમેદવારને કરવામાં આવશે. જો ઉમેદવારને જે શિક્ષા નક્કી થશે અને જો ઉમેદવાર પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા પાત્ર હશે તો તેની જાણ શાળાને કરવામાં આવશે. |
| ૨૪ | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગૃપ AB રાખવામાં આવેલ હોય અને ઉમેદવાર પાસ હોય અને તેમને ગૃપ A કે ગૃપ B કરાવવું હોય તો થઈ શકે ? | હા,<br><br>બોર્ડની વેબસાઇટ ઉપર તેમજ શાળામાં AB ગૃપમાંથી A કે B ગૃપનો વિકલ્પ આપી પરિણામ મેળવવા માટેનું અરજીપત્રક મોકલાવેલ છે. તેની સાથે જરૂરી આધારો જેવા કે પરીક્ષામાં ઉપસ્થિત રહ્યાના આધાર તરીકે પ્રવેશિકા (ફી રસીદ)ની પ્રમાણિત નકલ ગુણપત્રકની પ્રમાણિત નકલ સાથે બોર્ડના નીચે દર્શાવેલ ઇ-મેલ આઇ.ડી પર ઇ-મેલ કરીને અરજી કરી શકાશે. |

| ક્રમ | પ્રશ્ન | ઉપાય |
|---|---|---|
| | | અરજી કરવા માટેનો સમયગાળો :- તા.૨૬/૦૫/૨૦૨૦ થી તા.૦૮/૦૬/૨૦૨૦ સુધી<br><br>ઇ-મેલ આઇ.ડી.:-**gshsebexamscience@gmail.com**<br><br>લોકડાઉનના કારણે ટપાલ વ્યવહાર બંધ હોઇ પુન: ટપાલ વ્યવહાર શરૂ થયે અરજદારે અસલ અરજીપત્રક અને તેની સાથેના આધારો સાથે " શ્રી એ.ડી.ખસતિયા, મદદનીશ સચિવ, ક-શાખા, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,સેકટર-૧૦ બી એસ.બી.આઇ.ની બાજુમાં, ગાંધીનગર. |
| ૨૫ | ગુજકેટ પરીક્ષા માટે કયા ધોરણના અભ્યાસક્રમના આધારે તૈયારી કરવી ? | ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનો શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માં અમલી અભ્યાસક્રમ ધ્યાને લેવો. |